જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૯૨/૧૫

## તિક્ષ્ણ હથીયાર બતાવી લોકો પાસેની કિંમતી માલમત્તા લુંટી લેતી ટોળકીના એક સભ્યને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી લેવામાં આવ્યા

અમદાવાદ શહેરમાં લોકોને તિક્ષ્ણ હથીયાર બતાવી તેઓ પાસેની કિંમતી માલમત્તા લુંટી લેવા અંગેના બનાવો અવાર નવાર બનવા પામતા હોય અને આ પ્રકારના ગુન્હાઓ કરનાર ટોળકીના સભ્યોને પકડી લઈ આવા ગુનાઓ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ તથા પોસઈશ્રી જે.એન.ગોસ્વામી તથા તેઓની ટીમના માણસો આજરોજ તા.૨૯/૧/૧૫ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્કોડના મ.સ.ઈ.મહાવિરસિંહ નાઓની ચોક્કસ બાતમી આધારે આવા પ્રકારના ગુન્હાઓ આચરનાર ટોળકીના સભ્યો પૈકી **આસીફઅલી અબ્દુલ ગફાર મેવ ઉ.વ.૩૫ રહે. મ.નં.૧૫૬ વિ.૧ મકદુમનગર વટવા અમદાવાદ શહેર** કે જે **સરખેજ પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં.૧૧૮/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ હોય** જે વટવા બીબી તળાવ ચાર રસ્તા ખાતેથી બાતમી આધારે મળી આવતાં પકડી લીધેલ. જેની વિરુદ્ધમાં સીઆરપીસી ૪૧(૧)(એ) મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન તેણે તથા તેના અન્ય બે સાગરીતોએ મળી આજથી સાતેક માસ પહેલા પોતાના સાગરીતની ઓટો રીક્ષામાં ગીતા મંદિર ખાતેથી એક પેસેન્જરને બેસાડી સરખેજ પો.સ્ટે. વિસ્તારમાં છરી બતાવી પેસેન્જર પાસેના રોકડ નાણા ની લુંટ કરેલ હતી. જે ગુનામાં તેના બે સાગરીતો નબાવઅલી સાદીકઅલી શેખ તથા મોહમદ ઈકબાલ અહેમદમીંયા સૈયદ નાઓ અગાઉ પકડાઈ ગયેલ હતા અને હાલનો આરોપી આ ગુનામાં વોન્ટેડ હતો.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં તેણે ઉપરોકત હકીકતની કબુલાત કરવા ઉપરાંત ગઈ તા.૩૧/૧૦/૨૦૧૩ ના રોજ વટવા વિસ્તારમાં નિકિતા શોપીંગ સેન્ટર ખાતે આવેલ એક દરજીની દુકાનમાં પોતાના અન્ય બે સાગરીતો સાથે મળી આ દુકાનદારને ગુપ્તી બતાવી રાતના સમયે તેની પાસેના બે મોબાઈલ ફોન તથા રોકડ રકમ રૂપિયા ત્રણ હજાર મળી કુલ્લે રૂ.૧૬૦૦૦/- ની મત્તાની લુંટ કરેલ હોવાની કબુલાત કરેલ છે જે આધારે તપાસ કરતાં **વટવા પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં. ૬૨૦/૧૩ ઈ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબના લુંટના ગુનાનો ભેદ શોધાયેલ છે.**

આરોપીની પુછપરછ દરમ્યાન એ રીતેના ઉપર મુજબના ગુનાનો ભેદ શોધાયેલ છે. તેમજ આરોપીની વધુ પુછપરછ કરી અમદાવાદ શહેર તથા આજુબાજુના વિસ્તારમાં આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ લુંટના ગુન્હાઓમાં આરોપીની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## આરોપીની એમ.ઓ.

આ કામનો આરોપી પોતાના સાગરીતો સાથે રાખી ઓટો રીક્ષામાં પેસેન્જરોને બેસાડી એકાંત સ્થળે લઈ જઈ હથીયારની અણીએ લુંટી લેવાનો તેમજ રાત્રીના સમયે દુકાનમાં ઘુસી જઈ તિક્ષ્ણ હથીયાર બતાવી દુકાનદાર પાસેની કિંમતી માલ મત્તા લુંટી લેવાની એમ.ઓ.ધરાવે છે.

## આરોપીનો ગુનાહીત પુર્વ ઈતિહાસ

**(૧)** આરોપી આસીફઅલી અબ્દુલ ગફાર મેવ નાનો અગાઉ આઠેક વર્ષ પહેલા શાહીબાગ પોલીસ સ્ટેશન તથા સેટેલાઈટ પોલીસ સ્ટેશનના બાઈક ચોરીના બે ગુનાઓમાં ક્રાઈમબ્રાન્ચના હાથે પકડાઈ ચુકેલ છે.

**ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી નજર ચુકવી થેલામાંથી દાગીનાઓની ચોરીઓ કરતી ટોળકીના એક સભ્યને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી લેવામાં આવ્યા**

અમદાવાદ શહેરમાં ઓટો રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓની સાથે પોતાની ટોળકીના સભ્યોને પેસેન્જર તરીકે રીક્ષામાં ભેગા બેસાડી આ રીતે બેસાડેલ પેસેન્જરની નજર ચુકવી લોકો પાસેની કીમતી માલમતાની ચોરીઓના બનાવો અવાર નવાર બનવા પામતા હોય અને આ પ્રકારના ગુન્હાઓ કરનાર ટોળકીના સભ્યોને પકડી લઈ આવા ગુનાઓ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ તથા પોસઈશ્રી જે.એન.ગોસ્વામી તથા તેઓની ટીમના માણસો આજરોજ તા.૨૯/૧/૧૫ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્કોડના હે.કો.રેવાભાઈ નાઓની ચોક્કસ બાતમી આધારે આવા પ્રકારના ગુન્હાઓ આચરનાર ટોળકીના સભ્યો પૈકી **નિઝામુદ્દીન ઉર્ફે શાણો મયુદ્દીન શેખ ઉ.વ.૪૬ રહે. મ.નં.૭ સુંદરમનગર અજીતમીલ ચાર રસ્તા પાસે રખિયાલ અમદાવાદ** કે જે ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૮૧/૨૦૧૩ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબના આ પ્રકારના ગુનામાં વોન્ટેડ હોય જે સારંગપુર પુલના છેડેથી બાતમી આધારે મળી આવતાં પકડી લીધેલ. જેની વિરુદ્ધમાં સીઆરપીસી ૪૧(૧)(એ) મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન તેણે તથા તેના અન્ય ચાર જેટલા સાગરીતોએ મળી વર્ષ-૨૦૧૦ થી આજદીન સુધીમાં અમદાવાદ શહેર ના અલગ અલગ વિસ્તારોમાં પોતાના કબ્જાની ઓટો રીક્ષામાં પેસેન્જરોની બેસાડી પેસેન્જરો પાસેનો સામાન રીક્ષામાં પાછળના ભાગે મુકાવડાવી આવા પેસેન્જરોની નજર ચુકવી સામાનના થેલામાથી કિંમતી ચીજવસ્તુઓની ચોરીઓ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જે આધારે તપાસ કરતાં નીચેના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે.

(૧) બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬/૧૨ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ (રૂ.૨૮,૦૦૦/- ની રોકડ રકમની ચોરી)

(૨) ઈસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦/૨૦૧૨ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ (રૂ.૧૭,૦૦૦/- ની રોકડ રકમની ચોરી)

(૩) મેઘાણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૭/૨૦૧૨ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ (રૂ.૮૦,૦૦૦/- ની રોકડ રકમની ચોરી)

(૪) નારણપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૫૦/૨૦૧૦ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ (રૂ.૯૭,૦૦૦/- અલગ અલગ દાગીના તથા રોકડ રકમ રૂ. ૨૭,૦૦૦/- ની ચોરી)

(૫) સેટેલાઈટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૯૮/૨૦૧૧ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ (સોના ચાંદીના દાગીના ની ચોરી)

આરોપીની પુછપરછ દરમ્યાન એ રીતેના ઉપર મુજબના બીજા પાંચ ગુનાઓનો ભેદ શોધાયેલ છે. તેમજ આરોપીની વધુ પુછપરછ કરી અમદાવાદ શહેર તથા આજુબાજુના વિસ્તારમાં આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીઓની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## આરોપીની એમ.ઓ.

આ કામનો આરોપી પોતાના સાગરીત સબ્બીર નામના ઈસમની ઓટો રીક્ષામાં પોતાના અન્ય સાગરીતો સાથે બેસી પોતે પેસેન્જર તરીકે હોવાનુ પ્રસ્થાપિત કરી બીજા પેસેન્જરોને બેસાડી તેઓ પાસેના થેલા રીક્ષામાં પાછળના ભાગે મુકાવી આવા પેસેન્જરોની નજર ચુકવી થેલામાં હાથ નાખી તેમાનો કિંમતી માલ સામાન તથા રોકડ રકમ ની ચોરી કરી લઈ પોતાનુ કામ પુરુ થયેથી થોડે આગળ જઈ કોઈપણ બહાના હેઠળ આવા પેસેન્જરોને અધવચ્ચે ઉતારી દઈ નાસી જવાની એમ.ઓ.ધરાવે છે.

## આરોપીઓનો ગુનાહીત પુર્વ ઈતિહાસ

**(૧)** આરોપી **નિઝામુદ્દીન ઉર્ફે શાણો મયુદ્દીન શેખ** અઢીએક વર્ષ પહેલા સાબરમતી પોલીસ સ્ટેશનના આ પ્રકારની ચોરીના ગુનામાં એક વખત પકડાયેલ છે. તેમજ છેલ્લા બે વર્ષથી આરોપી ઉપરોકત ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હતો.

**વટવા પોલીસ સ્ટેશન**

વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન. ૩૬૭/૧૪ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ ગુનાના કામે આરોપી (૧). રાજેશ @ પીન્ટુ મહેન્દ્રભાઇ ઠાકોર ઉ.વ.૨૨ રહે.નીલગીરીના છાપરા ચોંડોળા તળાવ ની પાળે ઇસનપુર અમદાવાદ નાને ઉપરોક્ત ગુન્હાના કામે તા. ૨૮/૧/૧૫ ના કલાક ૨૧/૦૦ વાગે પો.સ.ઇ શ્રી એ.જે.ચૌધરી નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે .હાલમાં આ ગુન્હાની તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.